# પોપટ (Rose-ringed Parakeet)

પંખી લોક

★ પ્રવીણ સરવૈયા

આપણાં સૌથી વ્યાપક અને સુપરિચિત પંખીઓમાં પોપટનો સમાવેશ થાય છે. આપણને થાય કે પોપટમાં તે શું જાણવાનું? પોપટ તો બહુ જોયા પણ પાંજરાના પાળેલા પોપટ અને વગડામાં વિહરતાં પોપટની વાત ન્યારી છે. આઠ- દસ પોપટના ઝુંડને બેઠેલું નિરખશો તો એ કેવા ઊંધા-ચત્તા, આડા-અવળા ફરતા હોય છે!

આપણે એમ માનતાં હોઈએ છીએ કે કાળો-ગુલાબી કાંઠલો હોય તે પોપટ ને તેવો કાંઠલો ન હોય તે સૂડો પણ હકીકતે એમ નથી. કાંઠલો ન હોય તે માદા હોય. નર અને માદામાં આટલો ફરક. ઘાસ જેવા લીલા રંગનો પોપટ ટૂંકી, મજબૂત અને તીક્ષ્ણ વળાંક લેતી રાતી ચાંચ ધરાવે છે. રાતી ચાંચ, લીલો રંગ અને ડોકે કાળો કાંઠલો- આ બધાંથી પોપટ ખૂબ શોભે છે. આપણા લોકસાહિત્યમાં પણ મોર, કોયલ, બપૈયાની જેમ પોપટને સ્થાન મળેલું છે. જ્યાં ખોરાક આસાનીથી મળી રહેતો હોય તેવા ગ્રામીણ અને ખેતરાઉ પ્રદેશોમાં પોપટનાં મોટાં ટોળાં આવીને વસે છે. પોપટની ચાંચ બીજા પંખીઓ કરતાં જુદી પડે છે. તેની ચાંચનું ઉપલું પાંખિયું મિજાગરાની જેમ ઊંચુંનીચું થઈ શકે છે. તેની જીભ જાડી છે. બીજા પંખીને પગનાં

**પોપટ ઘણું શીખી શકે છે. એ મરચું પકડીને ખાતો હોય ત્યારે માણસ જેવી સમજનો ખ્યાલ આવે છે. એને થોડા શબ્દો કે વાક્યો બોલતાં શીખવી શકાય છે. તે શીખવેલા શબ્દો અસ્પષ્ટ રીતે બોલી શકે છે. તે નાની, ત્રણ પૈંડાંવાળી ટ્રાઇસિકલ ચલાવી શકે છે અને ચાંચ વડે નાનકડી તોપ પણ ફોડી શકે છે**

ત્રણ આંગળાં આગળ અને એક પાછળ હોય છે, જ્યારે પોપટને બે આંગળાં આગળ અને બે આંગળાં પાછળ હોય છે. આપણે પાંજરામાં પુરાયેલા પોપટને જોવા ટેવાયેલા હોવાથી આસપાસના પોપટના ઝુંડ તરફ આપણું ધ્યાન જતું નથી. ચોમાસામાં પાંચ-સાત પોપટ લીલા ઘાસ પર ચાલતા હોય ત્યારે મનોહર દૃશ્ય ખડું થાય છે.

પોપટના ખોરાકમાં અનાજ અને ફળો હોય છે. એ જીવાત ખાતો નથી. આ એક જ એવું પંખી છે, જે જીવાત ખાતું નથી. બાકી પંખીઓની પ્રિય વાનગી તો જીવડાં જ છે.

પોપટ જમીન પર બરાબર ચાલી શકતો નથી પણ એ દીવાલે ટિંગાઈને આડાઅવળી ચડઊતર કરવામાં માહેર છે. પોપટ ઘણું શીખી શકે છે. એ મરચું પકડીને ખાતો હોય ત્યારે માણસ જેવી સમજનો ખ્યાલ આવે છે. એને થોડા શબ્દો કે વાક્યો બોલતાં શીખવી શકાય છે. તે શીખવેલા શબ્દો અસ્પષ્ટ રીતે બોલી શકે છે. તે નાની, ત્રણ પૈંડાંવાળી ટ્રાઇસિકલ ચલાવી શકે છે અને ચાંચ વડે નાનકડી તોપ પણ ફોડી શકે છે. તેને બીજી કેટલીક યુક્તિઓ પણ શીખવી શકાય છે. આફ્રિકાનો મોટો રાખોડી પોપટ પણ જાણીતો



છે. એ પણ બોલી શકે છે. એની જીભ ચપટી અને પહોળી હોવાથી માણસ જેવું બોલી શકે છે. આ બધું કાયદા નહોતા ત્યારે સરકસમાં થતું. હવે કોઈ પણ પંખીને પકડીને પાંજરામાં પૂરવું, પાળવું કે તેની પાસે ખેલ કરાવવા એ કાયદાકીય રીતે ગુનો બને છે.

સામાન્ય રીતે તો પોપટનું ટોળું કીક કીક કીક કરીને વાતાવરણને ગજવી મૂકે છે. તેઓ ઊડતાં-ઊડતાં પણ તીક્ષ્ણ અવાજો કરતા જાય છે.

પોપટ સમૂહમાં માળા બનાવે છે. તે ખાલી મકાનોની દીવાલનાં બાકોરાંમાં કે ઝાડના દરમાં માળો બનાવે છે. માદા તેમાં ચારથી છ ધોળાં લંબગોળ ઈંડાં મૂકે છે. ક્યારેક તેનો માળો છૂટોછવાયો કે એકલો હોય છે.

આપણો સામાન્ય પોપટ અંગ્રેજીમાં Rose-ringed Parakeet તરીકે ઓળખાય છે. તેનું બીજું નામ સૂડો છે. તે સમગ્ર ગુજરાતમાં વ્યાપક છે. બીજો Plum-headed Parakeet છે. તેનું નામ તૂઇ છે. તે કચ્છ સિવાય સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. ત્રીજો તે Alexandrine



Parakeet. જે ગુજરાતીમાં મોટા વન પોપટ કે રાજપીપળાના પોપટ નામે જાણીતો છે. તે દક્ષિણ પૂર્વના જિલ્લાઓમાં કાયમી રહે છે અને સૌરાષ્ટ્રના અમુક જિલ્લાઓ તેમ જ ગીરમાં મુલાકાતી તરીકે દેખાય છે. તે સામાન્ય પોપટ કરતાં મોટો અને વધુ ભરાવદાર છે. નર- પક્ષીના શરીરે ફિક્કાં રાતાં ચાઠાં હોય છે. માદાની ડોકે કાંઠલો નથી હોતો તેમ ચાઠાં પણ નથી હોતાં.

પોપટ મીઠું બોલવા માટે જાણીતો છે, તેથી આપણી લોકબોલીની કહેવતો અને ગીતોમાં એ વણાયેલો છે. આપણા ચાકળા-ચંદરવા ને તોરણ-ટોડલિયામાં પોપટ ગૂંથાયેલો છે. આવાં સુંદર અને જાણીતાં પંખીનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે.

# ગટરનું ખોદકામ કરતા મજૂરને મળ્યો ઐતિહાસિક ખજાનો

યુરોપના બેલ્જિયમથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ગટર લાઈનનું કામ કરતા મજૂરને ખોદકામ દરમિયાન સોનાનો મોટો ખજાનો હાથે લાગ્યો હતો. આ ખજાનાની કુલ કિંમત 90 લાખ યૂરો એટલે કે ભારતીય રૂપિયામાં આશરે 98 કરોડ રૂપિયા જણાવવામાં આવી રહી છે. આ ઘટના રાજધાની બ્રેસેલ્સથી 30 કિમીના અંતરે આવેલા સિંટ-ગિલિસ-ડેન્ડરમોન્ડે વિસ્તારની છે. ગટરનો પાઈપ બદલવાનું કામ કરી રહેલા 18 વર્ષના છોકરાને સૌથી પહેલા આ ખજાનો દેખાયો હતો.

બેલ્જિયમમાં એક જૂના રસ્તા પર ગટરની પાઈપ બદલવાનું કામ ચાલી રહ્યું હતું. આ કામમાં 18 વર્ષનો એક વિદ્યાર્થી પણ પોતાના સાથીઓ સાથે મજૂરી કામ કરી રહ્યો હતો. ખોદકામ દરમિયાન જમીનની નીચે ચમકતી વસ્તુ જોવા મળી. પહેલા તો આ મજૂર છોકરાને લાગ્યું કે, તે સામાન્ય એક યૂરોનો સિક્કો છે. પરંતુ જ્યારે તેણે ધ્યાનથી જોયું તો ત્યાં સોનાની ઈંટ રાખેલી હતી. અચાનક મળેલા ખજાનાને જોઈને ત્યાં કામ કરી રહેલા તમામ મજૂરો નવાઈમાં પડી ગયા હતા.

આ ખજાનો એક જૂની અને ભવ્ય કોઠીના ભોંયરામાં બનેલી દીવાલમાં છુપાવવામાં આવ્યો હતો. સોનાના સિક્કા અને નંબરવાળી



ઈંટો એક મોટી થેલીમાં બંધ હતી. આ કોઠીનું નિર્માણ વર્ષ 1899માં એક જાણીતી બીયર ફેક્ટરીના માલિક થિયોફિલસ વેન એશે કરાવ્યું હતું. અહીં વર્ષ 1970 સુધી બીયર બનાવવાનું કામ ચાલતું હતું. આ જૂની ઈમારતની દીવાલો આજે પણ ઊભી છે અને હવે એક સંસ્થા આ ઐતિહાસિક ઈમારતનું સમારકામ કરાવીને અહીં નવા કાર્યાલયો અને મકાનો બનાવી રહી છે.

આટલી મોટી માત્રામાં સોનું મળી આવ્યું હોવાની જાણકારી ફેલાતાં જ સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા. અધિકારીઓએ કોઈ પણ વિલંબ કર્યા વિના સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો. સુરક્ષાના કારણોસર આ સમગ્ર ખજાનાને બ્રસેલ્સના એક સુરક્ષિત લોકરમાં મોકલી દેવામાં આવ્યો છે. હવે કાયદાકીય એજન્સીઓ અને પોલીસ તપાસ કરી રહી છે કે આ સોનું ક્યાંથી આવ્યું હતું. તપાસ અધિકારીઓ એ પણ જાણી રહ્યા છે કે ક્યાંક આ સોનાનો સંબંધ કોઈ જૂના ગુના સાથે તો નથી ને.

ખજાનો મળી આવ્યા બાદ હવે તેના અસલી માલિકને લઈને મોટો વિવાદ ઊભો થઈ શકે છે. આ સંપત્તિ પર દાવો કરનારાઓમાં કોઠીને નવું સ્વરૂપ આપી રહેલી સંસ્થા, કોન્ટ્રાક્ટર અને જૂના માલિક વેન એશેના વંશજો સામેલ થઈ શકે છે. બેલ્જિયમના કાયદા અનુસાર, જો કોઈ વ્યક્તિને આવો ખજાનો મળે, તો તેના અસલી માલિકને શોધવા માટે ઓછામાં ઓછા 5 વર્ષ સુધી રાહ જોવી પડે છે.